


# વાઘ અને વટેમાર્ગુ

એક જંગલ હતું. તેમાં વાઘ, વરુ, ચિત્તા, સસલાં,હરણ, શિયાળ વગેરે પ્રાણીઓ રહેતાં હતાં.

એક દિવસ એક વટેમાર્ગુ જંગલમાંથી નીકળ્યો. તેણે એક વડના ઝાડ નીચે લોખંડનું મોટું પાંજરું જોયું. આ પાંજરામાં એક વાઘ પુરાયેલો હતો. પાંજરું કોઈ સરકસવાળાનું હતું.

વટેમાર્ગુને  જાતાં જ વાઘે ધીરી ઘુરકાટી કરીને ધ્યાન ખેંચ્યું. વટેમાર્ગુએ તે તરફ જોતાં જ વાઘે આજીજી કરીને કહ્યું, ‘અરે, ભાઈ ! મને આ પાંજરામાંથી છોડાવ તો તારો ઉપકાર ભૂલીશ નહીં. હું ત્રણ દિવસથી ભૂખ્યો છું.’

વટેમાર્ગુ જંગલી પ્રાણીઓનો પ્રેમી હતો. તેને આવાં પ્રાણીઓને કેદ કરતા સરકસવાળા પ્રત્યે અરુચિ  હતી. તેણે વાઘને કહ્યું, ‘તારો ભરોસો નહીં, તને બહાર કાઢું અને તું મને મારી નાખે તો ?’

‘પોતાનો જીવ બચાવનારને મારી નાખું એવો હું નગુણો નથી.’ વાઘે કહ્યું.

‘પરંતુ તમારી જાતિનો માનવી સાથેનો ભૂતકાળનો અનુભવ સારો નથી.’ વટેમાર્ગુએ કહ્યું.

‘અનુભવમાંથી દરેક શીખે છે. હું તમને નહીં મારું. આ મારું વચન છે.’ વાઘે કહ્યું.

મુસાફરે દયા કરીને પાંજરું ખોલ્યું. પાંજરું ખૂલતાં જ વાઘ ક્રૂર રીતે હસીને બોલ્યો, ‘ચાલ, મરવા તૈયાર થઈ જા.’

‘પણ, તમે તો મને નહીં મારવાનું વચન આપ્યું હતું ને ?’

‘તમે ચૂંટણી વખતે લોકોને કેટલાં વચનો આપો છો? કોઈ વચન પાળો છો ખરા ? વચન આપવું અને પાળવું એ બંને જુદી બાબત છે, સમજયો ?’ વાઘે કહ્યું.

‘તો હું મરવા તૈયાર છું.’ વટેમાર્ગુએ કહ્યું.

હવે નવાઈ પામવાનો વારો વાઘનો હતો. તેણે પૂછ્યું, ‘કેમ, અલ્યા એકાએક મરવા તૈયાર થઈ ગયો ?’

‘હું જિંદગીથી કંટાળી ગયેલો છું, કારણ કે મારા માથે ઘણું દેવું છે.સરકારમાંથી, બેંકોમાંથી મેં ઘણી લોનો લીધી છે. તે હું ભરી શકું તેમ નથી. હું આપઘાત કરવા જ નીકળ્યો હતો, પરંતુ તમે મળી ગયા તે મારું સદ્ભાગ્ય.’ વટેમાર્ગુએ કહ્યું.

‘એમ કેમ ?’ વાઘે પૂછ્યું.

‘જો હું આપઘાત કરું તો મારા કુટુંબને કશું ન મળે, પરંતુ તમે મને મારી નાખો, તો મારા કુટુંબને લાખ રૂપિયા મળે, એટલે તમારા હાથે મરવું મારા કુટુંબ માટે ફાયદાકારક છે.’ વટેમાર્ગુએ કહ્યું.

‘તારી વાત હું માનતો નથી.’ વાઘે કહ્યું.

‘માનવું ન માનવું એ તમારી મરજીની વાત છે. હમણાં તમે જ ન કહ્યું કે, અનુભવમાંથી દરેક શીખે છે ? હું ભૂતકાળનો અનુભવ જાણતો હોવા છતાં તમને પાંજરામાંથી બહાર કાઢવા શા માટે તૈયાર થયો હોઈશ તે વિચારી જુઓ.’

‘હું તો તને મારી જ નાખીશ.’ વાઘે કહ્યું.

‘ભલે, મારી નાખો, પણ મરતાં પહેલાં તમે મારા ઉપર હુમલો કરી રહ્યા હો એવો એક ફોટો મને પાડી લેવા દો, જેથી બધાને ખબર પડે કે હું વાઘના હાથે મર્યો છું, અને મારા કુટુંબને લાખ રૂપિયા મળી જાય.’ વટેમાર્ગુએ કહ્યું.

‘મારો પણ ફોટો આવશે એમ ને ?’ વાઘે લલચાઈને પૂછ્યું.

‘જરૂર.’ મુસાફરે કહ્યું.

‘તો ઝડપ કર. ફોટો લેવાયા પછી હું તને મારીશ.’ વાઘે કહ્યું.

મુસાફરે પોતાની બૅગમાંથી કૅમેરો કાઢયો, ચાંપ દાબી. કૅમેરામાંથી ગૅસ નીકળ્યો. વાઘ બેભાન થઈને ઢળી પડયો. મુસાફર નાસી છૂટયો.

( ‘પ્રભુલાલ દોશીની શ્રેષ્ઠ બાળવાર્તાઓ’ માંથી)